# ગાંધીનગર તાલુકા પંચાયત કબ્જે કરવાનું ભાજપનું સ્વપ્ન રોળાઈ તો નહિ જાયને ?

**સૌથી મોટી તાલુકા પંચાયતમાં ભાજપનું નબળુ સંગઠન અને વિધાનસભાની સામાન્ય ચૂંટણીમાં ૨૬ બેઠકો પર કોંગ્રેસની સરસાઈથી ચિંતાતુર : પ્રદેશ ભાજપ જિલ્લામાં કાર્યકરોની આશા સંચાર કરવામાં નિષ્ફળ પુરવાર થઈ છે**

**સમયસર - પ્રકાશ જહા**

ગાંધીનગર, તા. ૩

ગાંધીનગર જિલ્લામાં જિલ્લા પંચાયત કરતાં પણ મોટી સંખ્યા ધરાવતી ગાંધીનગર તાલુકા પંચાયતની સામાન્ય ચૂંટણી માટેનો તખ્તો ઘડાઈ રહ્યો છે. જો કે હાલ ભાજપ હસ્તકની આ તાલુકા પંચાયતમાં ભાજપને સત્તા જાળવવા માટે કપરા ચડાણ છે. કારણ કે વિધાનસભાની સામાન્ય ચૂંટણીના પરિણામો પછી થયેલા વિશ્લેષણમાં કોંગ્રેસ ભાજપ કરતાં ક્યાંય આગળ છે.

અંક વિશ્લેષકોના જણાવ્યા અનુસાર તાલુકા પંચાયતની ૩૬ સીટ છે. જે જિલ્લામાં સૌથી મોટી તાલુકા પંચાયત છે. આ તાલુકા પંચાયત પાસે પોતાનુ મકાન નથી તેમજ કચેરી પણ હાલ જે રીતે ભાડાના મકાનમાં બેસે છે ત્યાં પુરતી વ્યવસ્થાનો અભાવ છે. અહિ રેકર્ડ જાળવણીની કોઈ પ્રથા નથી સભ્યોની લેખિત રજુઆતો પણ ખોવાઈ જવાની ઘટનાઓ તાજેતરની સામાન્ય સભામાં ચમકી હતી.

આ તાલુકા પંચાયત માટે ભાજપના આગેવાનોએ જે ધ્યાન આપવુ જોઈએ તે આપતા રહ્યા નથી એટલુ જ નહિ વિધાનસભાની સામાન્ય ચૂંટણી પછી એસ.પી. રિસોર્ટમાં આ બેઠકના વિજેતા શંભુજી ઠાકોરના આભારદર્શન કાર્યક્રમમાં ભાજપના પૂર્વ મહામંત્રી હિતેન્દ્ર પટેલે દરેક શક્તિ કેન્દ્રમાં વિજેતા ધારાસભ્યનો સન્માન સમારોહ યોજવાની કેટલી વાત હવામાં ઓગળી ગઈ છે.

વિધાનસભાની સામાન્ય ચૂંટણીનું તાલુકા પંચાયતની સીટો પ્રમાણે મતદાન જોઈએ તો ૨૬ બેઠકો પર કોંગ્રેસની સીધે સીધી સરસાઈ જોવા મળે છે. જે ૧૦ બેઠકો છે તેમાં પણ ભાજપ સંગઠને જોર લગાવવુ પડે છે. ભાજપની જે પરંપરાગત બેઠકો છે તેમાં પણ કોંગ્રેસ સામાન્ય ચૂંટણી દરમ્યાન મોટા ગાબડા પાડવામાં સફળ રહી છે.

આ તાલુકામાં સંગઠન અને સત્તાધારી પાંખ વચ્ચે સંકલનનો સતત અભાવ જોવા મળી રહ્યો છે. એટલુ જ નહિ ગાંધીનગર દક્ષિણની બેઠકમાં સતત બીજીવાર આ તાલુકાના ગ્રામ્ય વિસ્તારમાં પીઠેહઠ જોવા મળી છે. ૨૦૧૨માં ૮ હજારની લીડ કોંગ્રેસના ઉમેદવાર

● અનુસંધાન પાન-૭ પર





શક્તિ પ્રદર્શનનો સીલસીલો - ભાજપ મંત્રીમંડળના પદગ્રહણ બાદ વિવાદ થંભવાનું નામ લેતો નથી... વિભાગોની ફાળવણીમાં વિલંબ, નિતીનભાઈના રિસામણા - મનામણા હજુ તો માંડ પત્યા છે ત્યાં પુરુષોત્તમ સોલંકીએ પણ પોતાના અંદાજમાં શક્તિ પ્રદર્શન કર્યું હતું... 'હું નહિ મારો સમાજ નારાજ છે, મારા સમાજના કામો માટે સારા વિભાગની ફાળવણી થવી જોઈએ.' એવી પરોક્ષ ધમકીના સુર ગાંધીનગરમાં ગુંજ્યા હતા... મોડી સાંજે શહેરાના ધારાસભ્ય જેઠાભાઈ ભરવાડના સમર્થકોએ પણ ભાજપના વડા મથકે દેખાવો કરી જેઠાભાઈની મંત્રીમંડળમાં સમાવેશની માંગ કરી હતી...

# મહેસુલી વસુલાતમાં નબળી કામગીરી મામલે ડીડીઓ લાલઘૂમ

**આવાસ યોજના; પંચાયત ઘરોના મરામતની કામગીરી તેમજ નાગરિક અધિકાર પત્ર અન્વયે મળેલ રજુઆતોનો સમય-મર્યાદામાં નિકાલ કરવા તાકીદ કરતા ડીડીઓ**

ગાંધીનગર, તા. ૩

પ્રધાનમંત્રી આવાસ યોજના સહિતની વિવિધ આવાસ યોજનાઓના અમલીકરણમાં આવેલી ઉદાસીનતાને ખંખેરી ઝડપથી લક્ષ્યાંકો અને તેની કામગીરી પૂર્ણ થાય તે જોવા માટે આજે જિલ્લા વિકાસ અધિકારી દેવાંગ દેસાઈએ તમામ ટી.ડી.ઓ.ને કડક તાકીદ કરી છે.

ચૂંટણી પ્રક્રિયા સંપન્ન થયા બાદ આજે મળેલ પ્રથમ સમીક્ષા બેઠકમાં જિલ્લામાં મહેસુલી વેરા વસુલી અને મહેસુલી વસુલીના ઉદાસીન વલણની પણ તેમણે આકરી ઝાટકણી કાઢી હતી.

જિલ્લા વિકાસ અધિકારીએ પંચાયત ઘરના મરામત અને પુનઃ નિર્માણની કામગીરી અત્યંત મંથર ગતિએ ચાલતી હોવાને લઈ સખ્ત નારાજગી વ્યક્ત કરી હતી. તેમણે જણાવ્યુ કે ૮ માસથી વધુ સમય વિત્યા પછી પણ માત્ર ૩ જ પંચાયતના કામ પૂર્ણ થઈ શક્યા છે. તેમણે કહ્યું કે જો ગ્રાન્ટની તકલીફ હોય તો મારૂ ધ્યાન દોરો પણ પંચાયત ઘરો માટે આ પ્રકારનું ઉદાસીન વલણ તંત્રના અધિકારી તરીકે સાંખી શકાય નહિ.

આજની આ સમીક્ષા બેઠકમાં વિલેજ ડેવલપમેન્ટ પ્લાન અને ૧૪મા નાણાંપંચની ગ્રાન્ટમાંથી થયેલા

● અનુસંધાન પાન-૭ પર

# ગુડાના સાયકલ શેરીંગ પ્રાજેકટનો ફાઈવ સ્ટાર રેટીંગમાં સમાવેશ

**ગુડાના આ સાયકલ શેરીંગ પ્રોજેકટનો છેલ્લા ત્રણ મહીનામાં ૬૦ હજારે ઉપયોગ કર્યો હજુ કુડાસણ અને પી ડી પી યુ પાસે નવા બે સ્ટેન્ડ અને વધુ ૧૦૦ સાયકલો ઉમેરાશે**

ગાંધીનગર તા ૩

ગાંધીનગર શેહેરી વિકાસ સત્તા મંડળ દ્વારા શહેરમાં દોઢ વર્ષ અગાઉ શરૂ કરાયેલા સાયકલ શેરીંગ પ્રોજેકટને ગુડા દ્વારા વધુ ૧૦૦ સાયકલો ઉમેરી નવા સ્ટેશનો સાથે અપગ્રેડ કર્યો છે. સાયકલ શેરીંગ પ્રાજેકટને નગરજનો તરફથી ઉમદા પ્રતિસાદ મળતા જનઆરોગ્ય તેમજ પ્રદુષણ ભગાવોના અભિગમને બળવત્તર બનાવતા આ પ્રોજેકટ અન્વયે ગુડાએ વધુ નવી સાયકલો તેમજ નવા સ્ટેન્ડ શરૂ કર્યા છે. છેલ્લા ત્રણ મહીનામાં ૬૦ હજાર યુઝર્સે આ પ્રોજેકટનો લાભ લીધો છે. શહેરમાં કાર્યરત ગુડાના સાયકલ શેરીંગ પ્રોજેકટને આમ નાગરિકોએ ફાઈવ સ્ટાર રેટીંગ આપીને આવકાર્યો છે.

ગુડા દ્વારા માર્ચ ૨૦૧૬ માં નગરજનોની આરોગ્ય સુખાકારી જળવાય તેમજ પ્રદુષણ ભગાવો પર્યાવરણ બચાવોના કન્સેપ્ટને વેગ આપવાના ઉમદા આશયથી આરંભાયેલા આ પ્રોજેકટ અન્વયે ગુડા દ્વારા પ્રારંભિક તબક્કે ૧૦૦ સાયકલ અને ૧૦ સ્ટેન્ડથી શરૂઆત કરવામાં આવી હતી. જયારે તબક્કાવાર આ પ્રાજેકટને પ્રોત્સાહન મળતા આમ નાગરિકોના ઉત્સાહ અને જરૂરિયાતને ધ્યાને લઈ નવી સાયકલો ઉમેરી નવા સ્ટેન્ડ પણ ઉભા કરાયા હતા.

ગુડાના ચેરમેન આશિષ દવેએ આ પ્રોજેકટને વધુ લોકઉપયોગી બનાવવા માટે શેહરી વિસ્તાર ઉપરાંત ગુડા વિસ્તારમાં પણ પ્રોજેકટની શરૂઆત કરી છે. જયારે હજુ કુડાસણ અને પી ડી પી યુ માં નવા બે સ્ટેન્ડ અને વધુ ૧૦૦ સાયકલો પણ મુકાશે. છેલ્લા ત્રણ મહીનામાં સાયકલ શેરીંગ પ્રોજેકટનો ૬૦ હજાર નાગરિકોએ ઉપયોગ કર્યો છે. જયારે હવે સાયકલ શેરીંગ પ્રોજેકટ અપગ્રેડ કરાતા કુલ ૬૦૦ સાયકલો સાથે ૩૦ સ્ટેન્ડ કાર્યરત થશે.

# ટાઉનહોલના રીનોવેશન માટે કાગળ પર પ્લાન તૈયાર કરાશે

**રીનોવેશનની યોજના તૈયાર કરવા માટે એજન્સીને કામ સોંપાશે**

ગાંધીનગર તા ૩

ગાંધીનગરના ટાઉનહોલના રીનોવેશનનો પ્રોજેકટ છેલ્લા બે વર્ષથી ધક્કે ચઢયો છે. ગત બજેટમાં પણ ટાઉનહોલના રીનોવેશન માટે રૂ ૮ કરોડના ખર્ચને મંજુરી આપવામાં આવી છે. શહેરનો એકમાત્ર ટાઉનહોલ કલાકારોને સ્ટેજ પુરુ પાડવા ઉપરાંત અનેકવિધ કાર્યક્રમોનુ માધ્યમ બન્યો છે. ત્યારે ટાઉનહોલની માળખાગત સુવિધાઓ પણ ખાડે ગઈ છે. આવા સંજોગોમાં ટાઉનહોલની કાયાપલટ કરવા માટે તંત્ર દ્વારા કાર્યયોજના તૈયાર કરવા માટે ટુંકમાં એજન્સીને કામ સોંપાશે. ટાઉનહોલના રીનોવેશન માટે પ્લાન નકશો તૈયાર કરાયા બાદ આગળની કાર્યવાહી હાથ ધરાશે.

ગાંધીનગરમાં ટાઉનહોલના રીનોવેશનની કાર્યયોજના છેલ્લા બે વર્ષના અંતે પણ હજુ તૈયાર થઈ નથી. રીનોવેશનનુ કામ શરૂ કરવાનુ તો દુર પરંતુ હજુ હોલના નવિનીકરણની યોજના કાગળ ઉપર પણ તૈયાર થઈ નથી. ટાઉનહોલના રીનોવેશન માટે ગત બજેટમાં રૂ ૮ કરોડને મંજુરી આપવામાં આવી હતી. જયારે ચુંટણી આચાર સંહીતના લીધે હોલના રીનોવેશનને અનુલક્ષી પ્લાન નકશો તૈયાર કરવાની કામગીરી પણ અટવાઈ હતી. જયારે હવે ટુંકમાં જ આ મામલે એજન્સીને કામ સોંપી ટાઉનહોલને નવા રૂપરંગ આપવા માટે કાર્યયોજના તૈયાર કરી દેવાશે. ગાંધીનગરના એકમાત્ર ટાઉનહોલ કંગાળ હાલતમાં હોવાના લીધે સ્થાનિક કલાકારો તેમજ કલા સંસ્થાઓના આયોજકો પણ લાંબા સમયથી હાલાકી વેઠી રહયા છે. ટાઉનહોલનો એ સી પ્લાન્ટ પણ બિનઉપયોગી બન્યુ હોવાનુ ધ્યાને આવ્યો છે. જયારે સ્ટેજ પરની સુવિધાઓ પણ ખાડે ગઈ છે. સ્ટેજ વ્યવસ્થા ખાડે જતા અગાઉ કલાકારોને ઈજાઓ થઈ હોવાનુ પણ ધ્યાને આવ્યુ હતુ. જયારે ટાઉનહોલની બેઠક વ્યવસ્થા પણ આરામદાયક ન હોવાથી સિનિયર સિટીઝન્સ સહીત શ્રોતાઓને હાલાકી વેઠવી પડતી હોવાનો પણ સુર ઉઠવા પામ્યો છે. આવા સંજોગોમાં ટાઉનહોલના રીનોવેશનનુ કામ ઝડપથી હાથ ધરાય તેવી પણ માંગ ઉઠવા પામી છે. ટુંકમાં જ ટાઉનહોલને નવા રૂપરંગ આપવા માટેની કાર્યયોજના કાગળ પર તૈયાર થઈ જશે.




## દ્રિતિય વાર્ષિક શ્રદ્ધાંજલિ

રડી પડે છે આંખો અમારી જોઈ તસ્વીર તમારી, દરેક પ્રસંગે ખટકશે ખોટ તમારી, પલભરમાં તમે છેતરી ગયા અમને, સદાય હસમુખો આપનો ચહેરો ઈશ્વરને પુછીશું. તમારે ખજાને શી ખોટ પડી હતી કે અમારે જેની જરૂર હતી તેની તમારે શી જરૂર પડી?

સ્વ. મનિષાબેન મણીલાલ બારોટ
સ્વ. તા. ૪-૧-૨૦૧૬

લિ.

અણદાજી વિરાજી બારોટ (સસરા)
દાડમબેન અણદાજી બારોટ (સાસુ)
મહેશભાઈ અણદાજી બારોટ (જેઠ)
ગોવિંદભાઈ અણદાજી બારોટ (દિયર)
મણીલાલ અણદાજી બારોટ (પતિ)
ખ્યાતિ મણીલાલ બારોટ (પુત્રી)
રાહુલ મણીલાલ બારોટ (પુત્ર)
સમસ્ત વિરાજી મોહનજી બારોટ પરીવાર-ડીસા



## સ્વ. શ્રીમતી શૈલાબેન ઉર્ફે (સૂર્યાબેન) પટેલની આઠમી માસિક પુણ્યતિથિએ શ્રદ્ધાંજલિ



સમય જીંદગીનો ઓછો હશે એ ક્યાં ખબર હતી
વિદાય તમારી અણધારી હશે તે ક્યાં ખબર હતી
તમારી યાદ હંમેશા દિલમાં રહેશે.
પરમ કૃપાળુ પરમાત્મા તમારા આત્માને
શાંતિ અર્પે એજ પ્રાર્થના

પુણ્ય આત્માને શત્ શત્ પ્રણામ

રમેશભાઈ ભલાભાઈ પટેલ
ભાવનાબેન રમેશભાઈ પટેલ
આકાશ રમેશભાઈ પટેલ
ઉમંગ રમેશભાઈ પટેલ
હાલ - ગાંધીનગર (કુહાવાળા)



ગાંધીનગરમાં જાહેરાત માટેનું અસરકારક માધ્યમ
ગાંધીનગર સમાચાર ફોન - ૨૩૨૨૨૫૭૧ ફોન - ૨૩૨૩૭૫૭૧


# ગુજરાતીને સાહસિક બિઝનેસ બજારમાં વાઈબ્રન્સી દેખાય છે

**ગાંધીનગરમાં આયોજિત ખાદ્ય ખોરાક -૨૦૧૮ એકસ્પોમાં એલન પ્રો એપ્લાયન્સીસ દ્વારા રેફ્રીજરેશનની વિવિધ ૬૪ પ્રોડકટસ**

ગાંધીનગર તા ૩

ગાંધીનગરના આંગણે આયોજિત ખાદ્ય ખોરાક ૨૦૧૮ એકસ્પોમાં આજે મુલાકાતીઓની વિશેષ ભીડ જોવા મળી હતી. તા ૨ થી ૫ જાન્યુઆરી દરમિયાન આયોજિત આ પ્રદર્શનમાં દેશની વિવિધ કંપનીઓએ ભાગ લઈ પોતાની પ્રોડકટસ રજુ કરી છે. જેમાં ખાદ્યસામગ્રીની ગુણવત્તા જાળવણી અને જાગૃતિને સ્પર્શતા પરિબળોને અનુલક્ષી વિવિધ ઉપકરણો પણ એકસ્પોમાં વિશાળ રેન્જમાં જોવા મળી રહયા છે. આ પ્રદર્શનમાં દિલ્હીની એલન પ્રો એ પણ





રેફ્રીજરેશનની વિવિધ ૬૪ જેટલી પ્રોડકટસ રજુ કરી છે. એલન પ્રો ના એકઝિકયુટીવ વાઈસ પ્રેસિડન્ટ સંજય જૈનના જણાંવ્યા મુજબ ગુજરાતના માર્કેટમાં વાઈબ્રન્સી દેખાય છે. ધંધાદારી વર્ગમાં વિશેષ ઉત્સાહ જોવા મળી રહયો છે. વેપાર ઉદ્યોગો સાથે જોડાયેલા વિશેષ વર્ગના લીધે બિઝનેસમાં ઈન્વોલમેન્ટ જોવા મળી રહયુ છે. જયારે ગુજરાતના નાગરિકોની સાહસીવૃતિના લીધે ધંધામાં નવી તકો મળે છે. આ એકસ્પો પ્રથમવાર ગાંધીનગરમાં યોજાયુ છે. ત્યારે બિઝનેસક્ષેત્રે પ્રતિભાવ પણ સારો મળી રહયો છે. તેમણે જણાંવ્યુ હતુ કે એલન પ્રો માત્ર રેફ્રિજેશનની પ્રોડકટસ પર કામ કરે છે. ફુડ મેકીંગ અને કવોલીટી માટે વિશેષ જાગૃતિ આવી છે.

● અનુસંધાન પાન-૭ પર


**મળશે નહી**

ગાંધીનગર સેક્ટર-૧૭ના પ્રખ્યાત
કાન-નાક-ગળાના સર્જન
ડો. યશવંત બી. છાટબાર
તા. ૪/૧/૧૮થી ૧૦/૧/૧૮ સુધી ઈન્દોર નેશનલ કોન્ફરન્સમાં જવાના હોવાથી મળી શકશે નહી.
તા. ૧૧/૧/૧૮થી રાબેતા મુજબ મળશે.


# ડભોડા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રમાં તબીબી અધિકારી જ નથી !

**તબીબી અધિકારી અઢી માસથી પ્રતિ નિયુક્તી પર જતા રહ્યા હોવાથી ગરીબ દર્દીઓ બેહાલ બન્યા છે : પ્રતિનિયુક્તી રદ કરવા લેખિતમાં જણાવાયા પછી પણ આરોગ્ય કમિશ્નર કચેરીનો પ્રત્યુત્તર ન મળતાં જિલ્લા પંચાયત સદસ્યે આંદોલનની ચિમકી ઉચ્ચારી છે**

ગાંધીનગર, તા. ૩

ગાંધીનગર તાલુકાના ડભોડા પ્રા.આ. કેન્દ્રમાં છેલ્લા અઢી માસથી તબીબી અધિકારી પ્રતિનિયુક્તી પર ગયા હોવાથી આ વિસ્તારની આરોગ્ય સેવાઓ ઠપ્પ થઈ જવા પામી છે અને તે અંગે લોકોમાં રોષની લાગણી જન્મી છે.

રોજની ૧૦૦થી વધુ ઓ.પી.ડી. કેસો અને માસિક ૨૦થી પણ વધુ પ્રસુતિના કેસો આ પ્રા.આ. કેન્દ્ર પર નોંધાતા હોય છે પણ છેલ્લા અઢી માસથી અહિ તબીબી અધિકારી જ ન હોવાથી આરોગ્ય કેન્દ્ર નધણિયાતુ થઈ ગયુ છે.

આ વિસ્તારની આરોગ્ય સેવાઓ કથળી જવા પામી છે. આજે આ વિસ્તારના જિલ્લા પંચાયત સદસ્ય દિનેશજી ઠાકોરે આ મુદ્દે જિલ્લાના મુખ્ય આરોગ્ય અધિકારી અને જિલ્લા વિકાસ અધિકારીને ઉગ્ર આક્રોશ સાથે રજુઆત કરી હતી

દિનેશ ઠાકોરે જણાવ્યુ છે કે બક્ષીપંચની મહત્તમ વસ્તી ધરાવતા આ પ્રા.આ. કેન્દ્રમાં સમયસર સારવાર મળતી નથી એટલુ જ નહિ પણ રાજકીય કિન્નાખોરી રાખી અહિના તબીબી અધિકારીને હટાવવામાં આવ્યા છે.

તેમણે જણાવ્યુ કે જિલ્લા વિકાસ અધિકારીશ્રી અને આરોગ્ય સમિતિએ પણ તબીબી અધિકારીની પ્રતિનિયુક્તીના હુકમો રદ કરવા માટે આરોગ્ય કમિશ્નરને રજુઆતો કરી છે તેવુ તેમને યાદ છે પણ રાજ્ય કક્ષાએથી કોઈ જ સાનુકૂળ પ્રતિસાદ પણ આપવામાં આવતો નથી. પ્રતિનિયુક્તીની પણ સરકારે સમય મર્યાદા નિયત કરેલ છે તો આ પ્રા.આ. કેન્દ્રમાં ગરીબ પ્રજાની પિડા માટે કોણ જવાબદાર છે.

તેમણે જણાવ્યુ હતુ કે ૨૬મી જાન્યુઆરી સુધીમાં જો તેમના આ પ્રશ્નનો ઉકેલ નહિ આવે તો ના છૂટકે તેમને ગાંધી ચિંધ્યા માર્ગે આગળ વધવાની ફરજ પડશે.


ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...

SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
KisaN
ashirvad
BENELAVE
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan

**જગદીશ સ્ટીલ સ્ટોર્સ**

પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬

શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭

સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ



www.capitaloffset.in

**કેપિટલ ઓફસેટ®**

AN ISO 9001:2008 Certified Company

મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ

રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com

ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેકટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯

બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ


Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com